# જૂનના અંત સુધીમાં રાજ્ય મંત્રીમંડળના વિસ્તરણના સંકેતો

## કેબિનેટ મંત્રી બાબુ બોખિરીયા મુખ્યમંત્રીને મળતા રાજીનામાની હવા : નવા મંત્રીઓમાં જયેશ રાદડિયા અને કિરીટસિંહ રાણા નિશ્ચિત

ગાંધીનગર, તા.૧૬

ભારતીય રાજકારણ સાથે ગુજરાતના રાજકારણે પણ કરવટ બદલી છે. દિલ્હીની જેમ ગાંધીનગર પણ રાજકીય ચર્ચામાં મોખરે રહ્યું છે. ભારતીય જનતા પાર્ટીમાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને નવી જવાબદારી સોંપવાના પગલે રાજય મંત્રીમંડળમાં નવા ચહેરાઓને સ્થાન મળી શકે છે, બીજી તરફ કેબિનેટના સિનિયર મંત્રીઓ આનંદીબેન પટેલ તેમજ નિતીન પટેલને વધારાની જવાબદારી સોંપવામાં આવે તેવી વકી છે.

લોકસભાની ચૂંટણીને ધ્યાને લઈને કેન્દ્રીય મંત્રીમંડળના વિસ્તરણની જેમ ગુજરાતના મોદી સરકારના મંત્રીમંડળના વિસ્તરણની ચર્ચાઓ થઈ રહી છે. સોમવારે કેન્દ્રીય કેબિનેટમાં ફેરફાર થઈ રહ્યાં છે, જયારે ગુજરાતમાં જૂનના અંત સુધીમાં વિસ્તાર થઈ શકે છે. અડવાણીના ઈસ્યુ પછી જેડીયુના હાઈ-વોલ્ટેજ ડ્રામાનો અંત આવ્યો છે ત્યારે યુપીએની જેમ એનડીએમાં પણ સળવળાટ પેદા થયો છે.

નરેન્દ્ર મોદીના મંત્રીમંડળમાં સંભવતઃ રથયાત્રા પહેલા નવા મંત્રીઓ કેબિનેટમાં સામેલ થાય તેવું જાણવા મળ્યું છે. સચિવાલયના સૂત્રોના જણાવ્યા -માણે નવા ચહેરામાં જેતપુરથી ચૂંટણીમાં વિજયી થયેલા જયેશ રાદડિયા અને લીમડીથી વિજેતા થયેલા કિરીટસિંગ રાણાનો સમાવેશ નિશ્ચિત હોવાનું મનાઈ રહ્યું છે.

રાજયના જળસંપત્તિ મંત્રી બાબુભાઈ બોખિરીયા સામે કાનૂની કાર્યવાહી ચાલી રહી હોવાથી તેઓ સ્ટેપડાઉન થઈ શકે છે. કેબિનેટ કક્ષાના આ મંત્રીને ૫૪ કરોડના ખનીજ ચોરી કૌભાંડમાં ત્રણ વર્ષની જેલની સજા થઈ છે. હાલ તેઓ જામીન પર મુક્ત છે અને ઉપલી કોર્ટમાં અરજી દાખલ કરી શકે છે. જો તેઓ સ્ટેપડાઉન થાય તો મોદી સરકારમાં કેબિનેટ કક્ષામાં બે નવા ચહેરા આવી શકે છે તેમજ રાજયકક્ષામાં નવા આઠ ચહેરાના સ્થાન મળે તેમ લાગી રહ્યું છે.

લોકસભાની ચૂંટણી ૨૦૧૪??? આવી રહી છે પરંતુ -વાહી પરિસ્થિતિ જોતાં આ ચૂંટણી વહેલી પણ થઈ શકે છે તેથી મુખ્યમંત્રી બોર્ડ-નિગમમાં રાજકીય નિમણૂકો તેમજ મંત્રીમંડળનું વિસ્તરણ ઝડપથી કરશે તેવું સૂત્રો જણાવી રહ્યાં છે. જૂનના અંત સુધીમાં વિસ્તરણ અને નિમણૂકો થાય તેવી સંભાવના છે, કારણ કે આવતા મહિનાથી તેઓ ભાજપના રાષ્ટ્રીય -ચારઅર્થે અલગ અલગ રાજયોમાં પરિભ્રમણ કરનાર છે.

ભાજપને મોટો ડર જેડીયુ અને નિતીશકુમારનો હતો પણ તે ડર હવે સમાપ્ત થઈ ચૂક્યો છે. હવે નરેન્દ્ર મોદીને વડા-ધાનના ઉમેદવાર જાહેર કરવામાં કોઈ અડચણ આવી શકે તેમ નથી. પાર્ટીના સિનિયર નેતા લાલકૃષ્ણ અડવાણીએ પણ મોદીની તાજેતરની વરણીને સ્વિકૃતિ આપી દીધી છે. હવે એનડીએના નવા મોરચામાં કઈ કઈ નવી પાર્ટીઓ અને ક્યા નવા ચહેરા જોડાય છે તેનો

● અનુસંધાન પાન-૭ પર

# અસહ્ય બફારા બાદ ધોધમાર વરસાદ

## રવિવારે આખો દિવસ અસહ્ય બફારો રહ્યો : મોડી સાંજે તોફાની વરસાદથી શહેર તરબતર

ગાંધીનગર, તા. ૧૬

શુક્રવાર સાંજથી શહેરમાં શરૂ થયેલો વરસાદ દરરોજ સાંજ પછી થોડોક વરસી જાય છે. આજે રવિવારે પણ આખો દિવસ વસાહતીઓને અસહ્ય બફારામાં હેરાન કર્યા બાદ મોડી સાંજે ધોધમાર તોફાની વરસાદ શરૂ થતા વાતાવરણમાં ઠંડક છવાઈ ગઈ હતી. ભીંજવી રહ્યો છે અને ગરમીમાં રાહત આપી રહ્યો છે. શુક્રવારે સાંજે પડેલા જોરદાર ઝાપટા બાદ દરરોજ સાંજે વધતો-ઓછો વરસાદ પડી રહ્યો છે. આખો દિવસ તડકો અને અસહ્ય બફારો રહે છે અને તે પછી ધોધમાર વરસાદી ઝાપટુ પડે છે. આજે રવિવારે પણ આખો દિવસ ખુબ તો પણ પરસેવો થતો હતો. આખો દિવસ તીવ્ર બફારાને સહન કર્યા બાદ ધોધમાર વરસાદની સૌ કોઈ અપેક્ષા રાખી રહ્યા હતા અને અપેક્ષા મુજબ જ સાંજે છ વાગ્યા પછી આકાશ ઘેરાવા માંડ્યુ હતુ અને વરસાદ શરૂ થયો હતો. વિજળીના કડાકાભડાકા સાથે મેઘરાજાનું આગમન થયું હતું. દસ ફૂટ પણ ન જોઈ શકાય તેવો વરસાદ પડ્યો હતો. નવા સેક્ટરોમાં પણ સારો કહી શકાય તેવો વરસાદ પડ્યો હતો. વરસાદ પડતા રવિવારની સાંજે બજારમાં નીકળેલા વસાહતીઓ અટવાઈ ગયા હતા. ઠેર ઠેર પાણી ભરાઈ ગયા હતા. આખો દિવસ બફારાથી કંટાળેલા કેટલાક યુવાનો વરસાદની મોજ માણવા ટુ-વ્હીલર લઈ ફરવા નીકળી પડ્યા હતા. વરસાદ બાદ સારી એવી ઠંડક ફેલાઈ ગઈ હતી.



(તસવીર : દિપક જાની)

આ વરસે વરસાદે સારા શુકન કર્યા છે. રાજ્યના અન્ય ભાગો જેટલો વરસાદ ભલે પાટનગરમાં નથી પડ્યો પરંતુ થોડોક થોડોક વરસાદ શહેરને બફારો રહ્યો હતો. તડકો નીકળતા બફારો વધુ અકળાવનારો બની રહ્યો હતો. વસાહતીઓ પરસેવે રેબઝેબ થઈ ગયા હતા. પંખાની નીચે બેસો વરસાદી માહોલ છવાઈ ગયો હતો. જુના સેક્ટરોમાં તો મેઘરાજાએ વધુ હેત વરસાવ્યો હોય તેમ ધોધમાર વરસાદ વરસ્યો હતો. રસ્તા પર પાંચ-

## શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેરમાં આજે સાંજે પવન સાથે તુટી પડેલા વરસાદને કારણે સે. ૨૧, ૨૨, ૨૩, સે. ૨૪, ૨૫ અને સે. ૨૬, ૨૮ સહિત નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ જવા પામ્યા હતા.

સે. ૨૧માં તો ઘુંટણ સુધીના પાણી ભરાઈ જતાં સાંજે શાક લેવા ગયેલા નગરજનોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. વાહન પણ પાણી ભરાઈ જવાને કારણે અટવાઈ પડ્યા હતા.

૧૭/૨૨ પાસે તેમજ સે. ૨૨માં શોપીંગ નજીકના ખુલ્લા મેદાનમાં પણ ખાબોચીયા પાણીના ભરાઈ જવા પામ્યા હતા. સ્ટ્રોમ વોટરની પાઈપલાઈનોની સફાઈ કામગીરી હજુ પુરી થઈ ન હતી ત્યાંજ વહેલા વરસાદને આગમનને કારણે આ પરિસ્થિતિ ઉભી થવા પામી હોવાનું મનાઈ રહ્યું છે.

આ ઉપરાંત જુના સેક્ટરોમાં તેમજ નવા સેક્ટરોમાં પણ નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જવાની ફરિયાદો ઉઠી હતી. આજે શહેરના સે. ૫ તેમજ સે. ૬માં વૃક્ષો પડી જવાની ઘટનાઓ પણ બની હતી. ભારે પવન સાથે થયેલા વરસાદને કારણે શહેરમાં ઠેર ઠેર ગંદકીના ઢગલા ખડકાઈ જવા પામ્યા છે. શહેરમાં પડેલા એક ઈંચ થઈ પણ વધારે વરસાદને પગલે પ્રિ. મોન્સુન પ્લાન માત્ર કાગળ પર જ રહેવા પામ્યો છે. જો કે આજે સાંજે થયેલા વરસાદમાં આખા દિવસના બફારાને અંતે લોકોએ વાતાવરણમાં ઠંડક અનુભવી હતી.

# ગુજરાત કોંગ્રેસના પ્રભારી તરીકે ગુરૂદાસ કામથ

## ગુજરાતના અહેમદ પટેલ, મધુસુદન મિસ્ત્રી ઉપરાંત પરેશ ધાનાણી, ઈરશાદ મિરઝા અને દિપક બાબરિયા મંત્રી તરીકે તો ડૉ. પ્રભા તાવિયાડને પક્ષના સાથી સંગઠ્ઠનોની જવાબદારી સોંપાઈ



ગાંધીનગર, તા. ૧૬

કોંગ્રેસની રાષ્ટ્રીય સ્તરની વર્કીંગ કમિટીમાં ગુજરાતના શ્રી અહમદ પટેલ અને મધુસુદન મિસ્ત્રીનો સમાવેશ થતાં ગુજરાત કોંગ્રેસમાં આનંદની લાગણી છવાઈ જવા પામી છે. ગુજરાતના પ્રભારી તીરકે શ્રી ગુરૂદાસ કામથની વરણી કરાઈ છે.

આજે પક્ષના મહામંત્રીશ્રી જનાર્દન દ્વિવેદીએ પક્ષના માળખામાં કરાયેલા ફેરફારો સહિત નવી વર્કીંગ કમિટીના સભ્યોના નામની ઘોષણા કરી હતી. વર્કીંગ કમિટીમાં શ્રી અહમદ પટેલની રાજકીય સલાહકાર તરીકેની કામગીરી યથાવત્ રાખવામાં આવી હોવાની પણ તેમણે ઘોષણા કરી હતી.

વર્કીંગ કમિટીમાં નિયુક્તી પામેલા મહામંત્રી શ્રી મધુસુદન મિસ્ત્રીને ઉત્તરપ્રદેશનો કાર્યભાર સોંપવામાં આવ્યો છે.

આ ઉપરાંત પક્ષના ઉપપ્રમુખ રાહુલ ગાંધી સાથે પક્ષના વિવિધ સાથી સંગઠ્ઠનોની જવાબદારી દાહોદના સાંસદ શ્રીમતિ ડૉ. પ્રભા કિશોર તાવિયાડને સોંપવામાં આવી છે.

પક્ષના મંત્રી તરીકે યુવા ધારાસભ્ય પરેશ ધાનાણી, ઈરશાદ મિરઝા અને દિપક બાબરિયાની પસંદગી કરવામાં આવી છે. પરેશ ધાનાણીને મહામંત્રી શ્રી સી.પી. જોશી સાથે આસામ, બિહાર, પં. બંગાળની જવાબદારી સોંપવામાં આવી છે. તો ઈરશાદ મિરઝાને ગુજરાત, રાજસ્થાન, દાદરાનગર હવેલીની જવાબદારી મહામંત્રી શ્રી ગુરૂદાસ કામથની સાથે સોંપવામાં આવી છે.

મહામંત્રી શ્રી મુકુલ વાસનિક સાથે શ્રી દિપક બાબરિયાને કેરાલા, પાંડેચેરી, તામિલનાડુની પણ જવાબદારી સોંપવામાં આવી છે.

# શહેરના જાહેર શૌચાલયો હજુ કોર્પોરેશનને સોંપાયા નથી !

## માહિતી આયોગના આદેશ બાદ પણ વિભાગે તસદી લીધી નથી

ગાંધીનગર, તા. ૧૫

માહિતી આયોગના આદેશ બાદ પણ માર્ગ-મકાન વિભાગે શહેરના જાહેર શૌચાલયો કોર્પોરેશનને સોંપ્યા નથી. બીજી તરફ કોર્પોરેશનને પણ આ જવાબદારી સ્વીકારવા વિભાગને જાણ કરવાની તસદી લીધી નથી !

શહેરના જાહેર શૌચાલયો દાયકાઓના અંતે જાળવણીના અભાવે ખંડેર હાલતમાં છે. બિન ઉપયોગી શૌચાલયોના લીધે શહેરમાં અન્ય દૂષણો પણ પાંગરી રહ્યા છે. આ ઉપરાંત માર્ગ-મકાન વિભાગ દ્વારા શહેરના જુદા જુદા સ્થળોએ નવા બનાવાયેલા શૌચાલયોના તાળા પણ હજુ ખુલ્યા નથી. આ મામલે અગાઉ શહેર વસાહત મહામંડળ દ્વારા માહિતી આયોગમાં અપીલ કરવામાં આવી હતી. જેના અનુસંધાને આયોગે માર્ગ-મકાન વિભાગના સચિવને પત્ર દ્વારા શહેરના શૌચાલયો કોર્પોરેશનને સોંપી દેવા જણાવ્યું હતું. શૌચાલયોના સંચાલનની જવાબદારી કોર્પોરેશનને સોંપવાના આયોગના નિર્ણય બાદ પણ હજુ આ મામલે યથાવત સ્થિતિ છે. આ અંગે માર્ગ-મકાન વિભાગના અધિકારીઓને ત્વરિત કાર્યવાહી હાથ ધરવા આયોગે ભલામણ કરી હતી. બીજી તરફ વિભાગ દ્વારા આ સંદર્ભે હજુ શૌચાલયની જવાબદારી કોર્પોરેશનને સોંપવા કોઈ ગતિવિધિઓ હાથ ધરવામાં આવી નથી. જ્યારે કોર્પોરેશનકક્ષાએથી પણ શૌચાલયોની જવાબદારી સ્વીકારવા વિભાગને જાણ કરવાની કોઈ તસદી લેવાઈ ન હોવાનું પણ ધ્યાને આવ્યું છે.

SANGHI CEMENT
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

# ખાનગી પ્રકાશકોના પુસ્તકો પધરાવતી શાળાઓ

## તગડી ફી વસુલતી ખાનગી શાળાઓ પાઠ્ય પુસ્તક મંડળના પુસ્તકો ઉપરાંત સંદર્ભ માટે ખાનગી પ્રકાશકોના પુસ્તકો બાળકોને પધરાવી ૩૦-૪૦ ટકા જેટલું ઉંચુ કમીશન મેળવે છે

ગાંધીનગર, તા. ૧૪

શાળાઓ શરૂ થાય તે સાથે જ વાલીઓના માથે જુદા જુદા ખર્ચાઓનો બોજ આવી જાય છે. બાળકને સારૂ શિક્ષણ મળશે તે આશાએ ખાનગી શાળાઓમાં અભ્યાસ કરાવતા વાલીઓના માથે સંચાલકો જુદા જુદા ખર્ચાઓ નાંખે છે. શાળામાંથી જ પુસ્તકો ખરીદવાનો આગ્રહ રાખતી શાળાઓ ખાનગી પ્રકાશકોના પુસ્તકો બાળકો અને વાલીઓને ઉંચી કિંમત વસુલી પધરાવી દે છે. વાલીઓને ના છૂટકે આ વધારાના પુસ્તકો ખરીદી ખર્ચના ખાડામાં ઉતરવું પડે છે.

બાળકને સારૂ શિક્ષણ મળે તે માટે વાલીઓ કોઈ કસર છોડવા માંગતા નથી. સરકારી શાળાઓમાં અભ્યાસ કરાવવાનો ટ્રેન્ડ તો વર્ષો જુનો થઈ ગયો છે. હવે તો ગ્રાન્ટેડ શાળાઓ પણ આઉટ ઓફ ફેશન થઈ ગઈ છે. ઉંચી ફી વસુલતી હાઈફાઈ ગણાતી ખાનગી શાળાઓમાં પોતાનું બાળક ભણે તે માટે વાલીઓ ખુબ પ્રયત્નકરતા હોય છે. ઉંચી ફી વસુલતી અંગ્રેજી માધ્યમની શાળાઓમાં બાળકને ભણાવવાનો ક્રેઝ વાલીઓને ખર્ચના ખાડામાં ઉતારી દે છે. વાલીઓને ફી ઉપરાંત અવારનવાર અન્ય નાના-મોટા ખર્ચાઓ માટે પણ તૈયાર રહેવું પડે છે. શાળાઓમાંથી યુનિફોર્મ અને પુસ્તકો ખરીદવાનો આગ્રહ પણ શાળાઓ કરે છે. શાળા સંચાલકો તેમાંથી તગડુ કમીશન મેળવી વધારાનો ખર્ચ વાલીઓના શીરે નાંખી દે છે. પાઠ્યપુસ્તક મંડળે નક્કી કરેલા પુસ્તકો ઉપરાંત ખાનગી પ્રકાશકોના પુસ્તકો ખરીદવાનો આગ્રહ પણ શાળાઓ કરે છે. બજારમાં આસાનીથી ઉપલબ્ધ ન હોય તેવા પ્રકાશકોના પુસ્તકો શાળામાં વેચાય છે. આથી વાલીઓને ના છુટકે ઉંચી

● અનુસંધાન પાન-૭ પર

LCD TV રીપેરીંગ
આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૮૭૧૧૫. મો ૯૭૧૪૧૯૮૩૬૬, ૯૪૨૬૨ ૭૦૪૮૧

જોઈએ છે
નવા પ્રોજેક્ટના લોન્ચીંગ અને માર્કેટીંગના કામ માટે મહિલા કર્મચારીની જરૂર છે.
સંપર્ક
મો. : ૮૧૪૧૦ ૨૨૦૫૫










Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com